# ગુજરાત વિધાનસભા.

-----------

## પંદરમી વિધાનસભા

## આઠમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

બુધવાર, ૨૫ માર્ચ, ૨૦૨૬

સવારે ૦૯:૦૦ વાગ્યે

-----------

1. **<u>પ્રશ્નોત્તરી</u>**

(1) **<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(i) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ગૃહ, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી અને આબકારી, વાહનવ્યવહાર, કાયદો અને ન્યાયતંત્ર, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન

(ii) માનનીય આદિજાતિ વિકાસ, ખાદી કુટીર અને ગ્રામોધોગ મંત્રીશ્રી

(2) **<u>અતારાંકિત પ્રશ્નોત્તરી</u>**

(i) પહેલી અને બીજી અતારાંકિત યાદી

2. **<u>શોકદર્શક ઉલ્લેખ</u>**

(1) ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી ઉદેસિંહ મોહનભાઇ બારીયાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.

3. **<u>તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)</u>**

(1) નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી મહેશ કસવાલા(ચૈતન્ય દેસાઇ અને હર્ષદકુમાર પટેલ) માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું ધ્યાન દોરશેઃ-

"તાજેતરની વૈશ્વિક પરિસ્થિતિમાં ગેસ, એલ.પી.જી., પેટ્રોલ તેમજ ડીઝલની તંગી નિવારવા અને લોકોને જરૂરિયાત મુજબ જથ્થો ઉપલબ્ધ થાય તે માટે લોકોની સુખાકારી માટે રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાં."

## 4. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(1) ભારતના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો

(i) સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટેના નાણાકીય હિસાબો ભાગ-૧ અને ભાગ-૨

(ii) સન ૨૦૨૪-૨૫ના વર્ષ માટેના વિનિયોગ હિસાબો

(iii) માર્ચ-૨૦૨૩ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૪)

(iv) માર્ચ-૨૦૨૩ અંતિત અવધિ માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૫)

(v) માર્ચ-૨૦૨૪ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ-અનુપાલન ઓડિટ-મૂલ્કી (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૧)

(vi) માર્ચ-૨૦૨૫ અંતિત રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૨)

<u>...... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઇ</u>

(2) ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

<u>....... માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી</u>

(3) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>....... માનનીય રાજ્યકક્ષાના મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ</u>

(4) જી-રાઈડ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (મોરબી) લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**....... માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ડૉ. જયરામભાઈ ગામીત**

(5) ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**....... માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી રિવાબા જાડેજા**

(6) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ

**....... માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(i) સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક હિસાબ

(7) કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**....... માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી રમેશભાઈ કટારા**

(8) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

**....... ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા**

(9) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૪નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ

**....... ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા**

(10) સન ૨૦03ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં

(i) તા.૧૨/૦૮/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ ૦૭/૨૦૨૫

(ii) તા.૨૫/૦૯/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ ૦૮/૨૦૨૫

(iii) તા.૧૪/૧૦/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ ૦૯/૨૦૨૫

(iv) તા.03/૧૧/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંકઃ ૧૦/૨૦૨૫

તેમજ ઉપરોક્ત ક્રમાંકઃ (૧) પરનાં જાહેરનામાંને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબના કારણો દર્શાવતું નિવેદન

**....... માનનીય ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

## 5. સરકારી વિધેયકો

(1) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા**

(2) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા**

(3) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા**

(4) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી સંજયસિંહ મહિડા**

## 6. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### (1) માનનીય સભ્યશ્રી ચૈતન્ય દેસાઇનો પ્રસ્તાવ (૬૦ મિનિટ)

શહેરીકરણને જ્યારે પડકાર ગણવામાં આવતો હતો ત્યારે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની શરૂઆત કરાવી હતી. વર્ષ ૨૦૦૫ની સફળતાને પગલે મોડર્ન અર્બન ટ્રાન્સફોર્મેશનમાં મોટું પરિવર્તન આવ્યું છે. આ ટ્રાન્સફોર્મેશનને વધુ ગતિ આપવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ રાજ્યના શહેરી વિકાસ વિભાગના બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને લોકોની સુખાકારી વધારવા માટે અનેકવિધ પ્રકલ્પોના વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાના હોદ્દેદારોને તેમણે દરેક વિકાસકામ સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂક્યો છે. તેથી જ ગુજરાતમાં શહેરી વિકાસનું બજેટ, જે અગાઉ વર્ષ ૨૦૦૫-૦૬માં રૂ.૬૬૦ કરોડ હતું, તે વધીને વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૨૧,૬૯૬ કરોડ અને ૨૦૨૫-૨૬માં રૂ.૩૦,૩૨૫ કરોડ થયું, જે શહેરી વિકાસ વર્ષમાં આશરે ૪૦%નો વધારો દર્શાવે છે.

ગુજરાતે દેશમાં શ્રેષ્ઠ શહેરી વિકાસ મોડેલ રજૂ કર્યાં છે અને શહેરીકરણના પડકારોને અવસરમાં ફેરવવાનો નવો માર્ગ દર્શાવ્યો છે. ગુજરાતમાં શહેરી વિકાસ માટે તમામ શક્ય સ્ત્રોતો થકી શહેરી વસ્તીને વધુ સારી જીવનશૈલી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કાર્યરત રહે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

7. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**

(1) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા

**........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**વિધાનસભા ગૃહ,**
**ગાંધીનગર.**
**તારીખ:24 માર્ચ 2026**

**ચેતન પંડયા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**